# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ખાતે "આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ"ની ઉજવણી

ભારત સરકારશ્રી તથા આઈ.સી.એ.આર. દ્વારા ૦૮ માર્ચ ના રોજ "આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ" ની ઉજવણી કરવાના નિર્દેશ અન્વયે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સીટી, દેવાતજ દ્વારા તા.૦૮.૦૩.૨૦૨૦ ના રોજ સજીવ ખેતી યોજના અંતર્ગત "આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ" ની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમ નિમિતે ફળ તથા શાકભાજી મૂલ્યવર્ધન પ્રદર્શન તેમજ હરીફાઈ યોજવામાં આવેલ. સદર કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે દેવાતજ ગામના સરપંચ શ્રી લાભેશભાઇ શાસ્ત્રી, શ્રીમતી રેખાબેન જે. પટેલ, પ્રગતિશીલ મહિલા ખેડુત અજરપુરા, શ્રીમતી આશાબેન કેતનભાઇ પટેલ, પ્રગતીશીલ મહિલા પશુપાલક,રાલજ તેમજ શ્રીમતી ગીતાબેન આર. જાદવ, બાળ વિકાસ યોજના, સોજીત્રા ઉપસ્થિત રહેલ તેમજ હરીફાઈમાં નિર્ણાયકો તરીકેની ફરજ બજાવેલ. કાર્યક્રમની શરૂઆતમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. જી.જી.પટેલ દ્વારા સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ પ્રસંગોચિત્ત ઉદબોધન કરવામાં આવ્યુ જેમાં તેઓએ કૃષિમાં મહિલાઓનો ફાળો, તેમની અગત્યતા તેમજ મહિલાઓની કોઠા સૂઝ દ્વારા પરિવારમાં આગવું પ્રદાન બાબતે ચર્ચા કરી. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં સોજીત્રા તાલુકાના અલગ અલગ ગામના ૪૬ મહિલા ખેડૂતો અને ૪૨ આંગણવાડી બહેનોએ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધેલ. ડૉ. વાય. સી. લકુમ, વૈજ્ઞાનિક (પાક ઉત્પાદન) માનવ આરોગ્ય સુધારવા માટે સજીવ ખેતી ઉત્પાદનની ભુમિકાઓ વિશે સમજણ આપી. અજરપુરા ગામના પ્રગતિશીલ મહિલા ખેડૂત શ્રીમતી રેખાબેન પટેલ દ્વારા શાકભાજી પાકોની ખેતીના પોતાના અનુભવો વ્યક્ત કર્યા તેમજ શ્રીમતી આશાબેન પટેલ, પ્રગતીશીલ મહિલા પશુપાલક, રાલજ એ મહિલાઓનુ પશુપાલનમાં મહત્વ અને યોગદાન વિશે સમજણ આપી સફળ પશુપાલન કરવા સર્વે મહિલાઓને પ્રેરિત કર્યા. જે બદલ તેઓને કેવિકે દ્વારા મોમેન્ટો આપીને સન્માનીત કરવામાં આવ્યા.

ત્યારબાદ ફળ તથા શાકભાજી મૂલ્યવર્ધન હરીફાઈમાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય વિજેતાઓ જાહેર કરી તેઓને પ્રમાણપત્ર તેમજ ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના અંતે કેવિકેની નર્સરી યુનિટમાં તૈયાર કરેલ ગંગામા મંડળ વિશે પ્રત્યક્ષ નિદર્શન અને સમજ આપી કિચન/ ન્યુટ્રીશન ગાર્ડન તૈયાર કરવા સર્વે બહેનોને પ્રેરિત કરવામાં આવ્યા. સદર કાર્યક્રમનું આયોજન તેમજ સફળ સંચાલન શ્રીમતી અંજલી એન. જાદવ, પ્રોગ્રામ આસી. (ગૃહ વિજ્ઞાન) કેવિકે, દેવાતજ દ્વારા કરવામાં આવેલ.

# કાર્યક્રમની ઝાંખીઓ


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી
દેવાતજ જિલ્લો:આણંદ
"આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ"
નિમિત્તે
કૃષિ પ્રદર્શન, હરીફાઇ-વ-કાર્યશાળા









